**<u>મે.અમદાવાદ ખાતેનાં મજૂર અદાલતનાં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મુ.અમદાવાદ.</u>**
**<u>ફોજદારી કેસ નં.૯૦૯/૨૦૨૨.</u>**

**આંકઃ–૮**

**ફરિયાદીઃ–** **Labour Enforcement officer (Central)**
And Inspector under C.L.(R&A)Act, 1970
Govt. of India, Ministry of Labour &
Employment,
4th Floor, Shram Bhavan, Near Gun House,
Khanpur,Ahmedabad-383330.

**વિરુદ્ધ**

**આરોપીઃ-** **M/s. Dersser Rand India Pvt.Ltd.**
Rep.through Mr.Vijay Ramesh Phatarphekar-
Director,
Plot No.187 GIDC estate, Naroda,
Ahmedabad-383330.

**ગુન્હોઃ– કોન્ટ્રાકટ લેબર એકટ ૧૯૭૦ અને કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) (ગુજરાત ) નિયમો, ૧૯૭૨ હેઠળ નાં ભંગ બદલ કલમ–૨૪ હેઠળ શિક્ષાપાત્ર ગુનો.**

---

ફરિયાદી તરફેઃ–
આરોપી તરફે વિ. વકીલ શ્રી ડી.સી. ગાંધી.

---

**<u>––:: હુ ક મ ::–</u>**

(૧) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદી તા.૦૯–૦૯–૨૦૨૨ નાં રોજ તહોમતદાર સંસ્થાની મુલાકાત લેતા, કોન્ટ્રાકટ લેબર એક્ટ ૧૯૭૦ અન્વયેનાં **Rule-81(1)(i), 25(2)(viii),75 r/w Rule-80(1), 78(1)(a)(i) & 78(1)(a)(iii), 78(1)(a)(ii), & 78(1)(a)(i)** નો ભંગ કરેલ હોવાથી ફરિયાદ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) ઉપરોક્ત સંદર્ભની ફરિયાદ જે તે વખતે સબંધિત અત્રેની કોર્ટ સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતા સબંધિત કોર્ટ દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ તેમનાં વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપીએ ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુદ્ધ પુરાવા

તરીકે ઉપયોગમાં લેવાશે, આમછતાં આરોપી પોતાને ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ આરોપીએ પોતાની સામેનો ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આમ, આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનુ જણાય છે.

(૫) ઉપરોક્ત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું-૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરુદ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**--:: હુ ક મ ::--**

૧) સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨ અન્વયે કોન્ટ્રાક્ટ લેબર એક્ટ ૧૯૭૦ હેઠળનાં **Rule-81(1)(i), 25(2)(viii),75 r/w Rule-80(1), 78(1)(a)(i) & 78(1)(a)(iii), 78(1)(a)(ii), & 78(1)(a)(i)** નાં ભંગ બદલ કલમ-૨૪ હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને આંક-૧ ની ફરિયાદમાં જણાવેલ દરેક નિયમનાં ભંગ બદલ રૂ.૫૦૦/- લેખે કુલ **રૂ.૩,૦૦૦/- ( અંકે રૂપિયા ત્રણ હજાર પુરા )** નો દંડ, અને જો દંડ ન ભરે તો દિન-૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેસની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૧-૦૨-૨૦૨૩ નાં રોજ અત્રેની કોર્ટનાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખઃ-૧૧-૦૨-૨૦૨૩.
સ્થળઃ અમદાવાદ

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

F.M.Kadri,P.S.